**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૨૯ ટકા

# પ્રાથમિક શાળાના બાળકોની પરીક્ષા ઓનલાઈન લેવા શહેરના વાલીઓની માંગ

ગાંધીનગર, તા.૨૬

શહેરના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો કોરોનાને કારણે શાળાએ જતા ન હતા. થોડા સમય પહેલા ધીમે ધીમે કરીને ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ શરૂ કરવામાં આવી છે. બોર્ડની પરીક્ષા મે માસમાં આવનાર છે જે સંદર્ભે બાકીના ધોરણોની પરીક્ષા એપ્રિલ માસમાં લેવાશે તેવી વાત ચર્ચાઈ રહી છે. હાલમાં જ જાણવા મળ્યું છે કે ધો-૩ અને ૪માં હજી કલાસરૂમ શિક્ષણ શરૂ નથી કરાયું અને ગુજરાતમાં શિક્ષણ તબક્કાવાર અનલોક કરવાના સરકારના આયોજન અંતર્ગત ધો-૯ થી ૧૨ બાદ ધો-૩ થી ૮ની પ્રથમ સત્રાંત પરીક્ષા જાહેર કરાઈ છે. જે ૧૫મી માર્ચથી શરૂ થશે અને આ પરીક્ષા ધો-૩ થી ૮ના વિદ્યાર્થીઓને રૂબરૂ બોલાવીને કલાસમાં જ લેવાશે. ફરજીયાત કહેવાતી આ પરીક્ષા ઓફલાઈન આપવા જવા દેવા માટે વાલીઓ તૈયાર થશે કે નહિ તે મોટો પ્રશ્ન છે. ધો-૬ થી ૮ના બાળકો માટે શાળા શરૂ કરાઈ છે પરંતુ શહેરની શાળામાં બાળકોની હાજરી સતત પાંખી જ જણાઈ છે. દરેક વિદ્યાર્થીઓ અને વાલીઓ ઓનલાઈન શિક્ષણને મહત્વ આપી રહ્યા છે. કોરોના વકર્યો હોવાથી શહેરના તમામ વાલીઓના મનમાં ડર ઘર કરી ગયો છે.

શહેરના વાલીઓ સાથે આ બાબતે વાતચીત કરતા વાલીઓ જણાવે છે કે, વાલીઓ હજી બાળકોને શાળાએ મોકલવા માટે તૈયાર નથી કારણકે કોરોના ફરીથી વકર્યો છે અને હવે આમ પણ પંદર દિવસમાં પરીક્ષા છે. કોરોના વધ્યો છે અને બાળક સ્કૂલે જઈ પરીક્ષા આપે અને સામાન્ય શરદી થાય તો આગળની પરીક્ષા પણ નહીં આપી શકે. બાળક ઓનલાઈન ભણવા ટેવાઈ ગયા છે માટે હવે શાળાએ મોકલી એમને ટેન્શનમાં નથી મુકવા. પરીક્ષા વખતે આમ પણ બાળકોને પરીક્ષાનો હાઉ હોય છે અને ઉપરથી કોરોનાનો હાઉ બાળકોને આપવો નથી. માટે અમે ઈચ્છીએ છીએ કે આ સત્રની પરીક્ષા ઓનલાઈન જ થાય અને આવનાર સત્ર એટલે કે જૂન-જુલાઈ માસથી શરૂ થતા નવા સત્રથી અમે બાળકોને શાળાએ મોકલીશું. બાળકો પણ એપ્રિલ-મે માસનું વેકેશન માણી નીડર રીતે જુન જુલાઈમાં હાજર થાય એનો અમને વાંધો નથી.



ઉનાળો ધીમે ધીમે તેની અસર દેખાડવા માંડ્યો છે. અત્યાર સુધી યાદ ન આવેલુ ઠંડુ પાણી હવે યાદ આવવા માંડ્યુ છે. દેશી ફ્રિઝ કહેવાતા માટલાનું વેચાણ છેલ્લા કેટલાક દિવસોથી વધ્યુ છે. મુખ્ય માર્ગોની આસપાસ વિવિધ પ્રકારના માટલા વેચાઈ રહ્યા છે. આ ઉપરાંત ગરમીમાં ઠંડક પહોંચાડતી લીલી-કાળી દ્રાક્ષ તેમજ રસભર્યા તરબૂચનું વેચાણ પણ વધી રહ્યું છે.

# શહેરની હોસ્પિટલો સામે ફાયર વિભાગની કાર્યવાહી

## ત્રણ દિવસ પહેલા ન્યુ ગાંધીનગરમાં ૩૮ એકમો સીલ કરાયા હતા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં ફાયર સેફ્ટી વગરના ચાર હોસ્પિટલને આંશિક સીલ મારવામાં આવ્યું છે. હાઈકોર્ટની ટકોર બાદ દોડતા થયેલા તંત્રએ સેક્ટર-૭ ડો. જયેશ શાહ, ડો. જે. ડી. પ્રજાપતિ અને ગીતા ગાયનેક જ્યારે સે-૨૩માં પગરવ હોસ્પિટલમાં સીલ માર્યુ હતું. આ હોસ્પિટલમાં જ્યાં દર્દીઓ દાખલ હોય તે રૂમનો બાદ કરતાં બાકીના રૂમ સીલ મારી દેવાયા છે. જોકે દવાખાનાઓને નવા દર્દીઓ દાખલ ન કરવા પહેલાંથી જ તાકીદ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે ફાયર એનઓસી વગરના એકમો સામે છેલ્લા ઘણા સમયથી તંત્ર તવાઈ બોલાવે છે. જેમાં તાજેતરમાં ૮ જીમ સીલ કરાયા બાદ ત્રણ દિવસ પહેલાં ન્યુ ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીની ઓફિસ સહિત ૩૮ એકમો સીલ કરાઈ હતી. ફાયર સેફ્ટી મુદ્દે સરકાર હાઈકોર્ટમાં સોગંદનામું કરીને ગાંધીનગરમાં ૨૮ હોસ્પિટલ અને ૨૮ સ્કૂલો પાસે ફાયર એનઓસી ન હોવાનું કહ્યું હતું. જેને પગલે કોર્ટે હોસ્પિટલ એસોસિએશનને એનઓસી ન લેવી હોય તો હોસ્પિટલ બંધ કરોની ટકોર કરી હતી. કોર્ટમાં થયેલી ટકોરને પગલે ગાંધીનગર તંત્ર દોડતું થયું હતું, સાંજના સમયે ૪ જેટલી હોસ્પિટલ સીલ મારી હતી. મળેલી માહિતી પ્રમાણે કેટલીક હોસ્પિટલમાં પહોંચેલા ફાયર વિભાગને શહેરી વિકાસ વિભાગનો કાગળ બતાવ્યો હતો જેમાં હોસ્પિટલોને ખાસ ખિસ્સામાં એનઓસી મળતું હોવાની રજૂઆત કરી હતી. જેને પગલે સમગ્ર મુદ્દો શહેરી વિકાસ વિભાગમાં ગયો હતો, જેમાં રહેણાંક વિસ્તારોમાં ધમધમતા દવાખાનાઓને પગલે શરતભંગ થતો હોવાથી હવે શું નિર્ણય લેવાય છે તે જોવું રહ્યું. આ તરફ કોંગ્રેસના કાઉન્સિલર અંકિત બારોટે દવાખાનાઓમાં શરૂ થયેલી સિલિંગ પૂર્વગ્રહ વીના સેક્ટરમાં કરવા માંગ કરી છે જે અંગે તેઓ તંત્રને રજૂઆત કરશે.

# ચ માર્ગ પર મહિલાને કારે અડફેટે લેતા ઈજા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા હોય છે. શહેરમાં બે પૈંડા પરની જીંદગી ઝોખમાઈ રહી છે. શહેરના વાહનચાલકો ટ્રાફિક નિયમનનું ઉલ્લંઘન કરતા નજરે પડે છે. વાહનોની ગતિ મર્યાદામાં ન હોવાથી શહેરમાં અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ત્યારે શહેરના ચ માર્ગ પર વિધાનસભાની સામે એકટીવા લઈને જઈ રહેલા મહિલાને અજાણ્યા કાર ચાલકે ટક્કર મારતા મહિલા નીચે પટકાતા ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૩ પંચવટી પાર્ક પ્લોટ નં.૬૮૩-૨ ખાતે રહેતા અનિકેત કુમાર પ્રદિપ કુમાર રાવલના પત્ની ખ્યાતિ બેન ચ માર્ગ પરથી એકટીવા નં. જી.જે.૧૮.ડી.સી.-૩૯૬૦ લઈને પસાર થઈ રહ્યા હતા.તે દરમિયાન વિધાનસભા ગેટ નં-૬ ની સામે માર્ગ પર બપોરના સુમારે ચ-૩ થી ચ-૫ તરફ જઈ રહેલી કારના ચાલકે એકટીવાને પાછળથી ટક્કર મારતા એકટીલા ચાલક મહિલા નીચે પડી ગયા હતા.જેથી માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હતી. જયારે ઘરેથી ખ્યાતિબેનને ફોન કરતા તેમનો ફોન એક બહેને ઉપાડ્યો હતો અને તે બહેને અકસ્માત અંગે જાણ કરી હતી. જેથી ખ્યાતિબેનના પતિ અને સસરા તાત્કાલીક બનાવ સ્થળ પર આવવા માટે નીકળી ગયા હતા. પરંતુ ૧૦૮ મા સારવાર માટે લઈ જતા તેઓ ગાંધીનગર સિવિલ ગયા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે ખ્યાતિબેનને ખાનગી હોસ્પિટલ લઈ ગયા હતા. બનાવ અંગે અનિકેત રાવલની ફરીયાદ નોંધી પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



ખેડૂતોથી માંડીને વિકસતી જાતિના કલ્યાણ અર્થે વિશિષ્ટ યોગદાન આપનારા સ્વાતંત્ર્ય સેનાની તથા સમાજ સુધારક એવા મૂકસેવક પૂ. રવિશંકર મહારાજની જન્મતિથી તા. ૨૫મી ફેબ્રુઆરીએ ગાંધીનગરના ઘ-૫ સર્કલ ખાતે સ્થિત તેમની પ્રતિમાને શિવધારા ફાઉન્ડેશનના એન.સી. ચૌહાણ દ્વારા પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા શારીરિક શિક્ષણ વિષયના શિક્ષકો માટે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા વિદ્યાનિકેતન વિભાગ અંતર્ગત શાળાઓને જોડાણ આપવામાં આવે છે. તાજેતરમાં ગુજરાતના વિવિધ ભાગોમાંથી ૫૫ જેટલી વિદ્યાનિકેતન શાળાઓને જોડાણ આપવામાં આવ્યું હતું. આ શાળાઓના શારીરિક શિક્ષણ વિષયના શિક્ષકોને પ્રશિક્ષણ આપવા માટે એક દ્વિદિવસીય પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૪ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો.

રમત-ગમત દરમિયાનના જુદા જુદા વિષયો જેવા કે રમતો દ્વારા શિક્ષણ, રમતોના નિયમો, પ્રાથમિક સારવાર, વ્યાયામ અને યોગાભ્યાસ, વિદ્યાર્થીના જીવનમાં રમત ગમતનું મહત્વ, વિવિધ વયજૂથ માટેની રમતો વગેરે જેવા વિષયો પર ગુજરાતના વિવિધ તજજ્ઞોએ ખૂબ વિસ્તૃત અને ઊંડાણપૂર્વકનું જ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કુલપતિ હર્ષદ શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંપૂર્ણ વહીવટી અનુકૂળતા કુલસચિવ અશોક પ્રજાપતિએ પુરી પાડી હતી. કાર્યક્રમનું આયોજન સ્કુલ ઓફ ઈનોવેટિવ એજયુકેશનના ડાયરેકટર રણજીતસિંહ પવાર તથા વિદ્યાનીકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. મીનળબા જાડેજાએ કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. શિલ્પાવાળાએ કર્યું હતું. સમગ્ર વિદ્યાનિકેતન વિભાગના કાર્યકર્તાઓ, યુનિવર્સિટીના સંગીત સુશોભન અને મીડિયા સાથે જોડાયેલા કાર્યકર્તાઓએ સંપૂર્ણ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટર-૨૪માં છાશ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. મનપાના કોર્પોરેટર શ્રીમતી હર્ષાબા ધાંધલના સૌજન્યથી શ્રમજીવી પરિવારો અને સ્થાનિક વસાહતીઓને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્થાનિક અગ્રણીઓ વિનાબા ઝાલા અને નીલાબેન શુકલ હાજર રહ્યા હતા.

# આજે રોટરી કલબ કોરોના વોરિયર્સને સન્માનિત કરશે

ગાંધીનગરની રોટરી કલબ દ્વારા શહેરમાં કોરોના મહામારી દરમિયાન લાગુ પાડવામાં આવેલા લોકડાઉનના કપરા કાળ સમયે એટલે કે તા. ૨૦મી માર્ચથી તા. ૩૦મી જુન ૨૦૨૦ દરમિયાન શહેરમાં કે આસપાસના વિસ્તારમાં કોઈ પણ સ્વૈચ્છિક સંસ્થા કે વ્યકિતગત રીતે સમાજ ઉપયોગી અથવા માનવકલ્યાણની કામગીરી કરવામાં આવી હોય તેમને સન્માનિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના વોરિયર્સને સન્માનિત કરવાનો આ કાર્યક્રમ તા. ૨૭મી ફેબ્રુઆરી શનિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સેકટર-૨૨માં રોટરી સંચાલિત ફિઝીયોથેરાપી સેન્ટર ખાતે યોજાશે. જેમાં કોરોના વોરિયર્સને સ્મૃતિચિહ્ન તથા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર, અતિથિવિશેષ પદે રોટરી કલબના ઝોન-૯ના ડિસ્ટ્રિકટ ૩૦૫૪ના આસીસ્ટન્ટ ગર્વનર પ્રદિપ રસ્તોગી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## આજે સે-૫-સી ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ભારતીબાપુની વ્યાસપીઠે અનુબેન જાની પરિવાર દ્વારા તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ સાંજે ૪ વાગ્યે સે-૫-સી પ્લોટ નં. ૮૮૭/૧ ખાતે જાહેર સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. સુંદરધામ પરિવાર દ્વારા શહેરીજનોને પાઠનો લાભ લેવા જણાવાયું છે.



પહેલાના જમાનામાં ચીજવસ્તુઓ લેવા-આપવા માટે સાટા પધ્ધ્તીનો ઉપયોગ કરતા હતા. જ્યારે નાણું અસ્તીત્વમાં ન હતું ત્યારે વસ્તુની બદલે વસ્તુ લેવા આપવાનું ચલણ હતું. ક્રમશઃ જેમ જેમ નાણાંની શોધ થઈ તેમ તેમ વસ્તુને માપવાની પણ જરૂર પડી. સૌથી પહેલા વસ્તુને માપવા માટે અલગ અલગ વજનના પથ્થર અને ત્રાજવા નો ઉપયોગ થવા લાગ્યો. તેમાં ત્રાજવાની એક બાજુ અલગ અલગ વજનીયા અને બીજી બાજુ વસ્તુ મૂકવામાં છે. અત્યારે તો બજારમાં ડિજિટલ વજન કાંટા વપરાવા લાગ્યા છે. પરંતુ હજી પણ શાકભાજી અને કરિયાણાવાળા જૂના જમાનાના આ ત્રાજવાનો ઉપયોગ કરે છે. આ ત્રાજવાથી વિદ્યાર્થીઓને પરિચય કરાવવા માટે એસ.એસ.વી શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ વસ્તુ જેવી કે વાંસની છાબડી, પૂંઠાના બોક્સ, થર્મોકોલના ગ્લાસ આઈસ્કીમના ખાલી કપનો ઉપયોગ કરીને ત્રાજવા બનાવ્યા હતા.

## અંકિત ખરાદી પી.એચ.ડી. થયા

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તાજેતરમાં પી.એચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં અંકિતકુમાર શૈલેષકુમાર ખરાદીએ ડૉ. ફાલ્ગુની આર. પટેલના માર્ગદર્શન



હેઠળ બાયોટેકનોલોજી વિષયમાં 'સ્ટડી ઓન એન્ઝાઈમ્સ એન્ડ મેટાબોલાઈટસ ઓફ માઈક્રોબ્સ ફ્રોમ મેન્ગ્રુવ ઈકોસીસ્ટમસ ઈન ગુજરાત' શીર્ષક પર શોધ નિબંધ તૈયાર કર્યો હતો. જેને યુનિવર્સિટી દ્વારા માન્ય રાખીને પી.એચ.ડી.ની પદવી એનાયત કરેલ છે.

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિન નિમિત્તે ઓનલાઈન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા તા.૨૭/૦૨/૨૧ તથા તા.૨૮/૦૨/૨૧ દરમિયાન રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે રાજ્ય કક્ષાના બે દિવસીય ઓનલાઈન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ભૌતિકશાસ્ત્ર વિષયના વિદ્વાન વૈજ્ઞાનિક અને અધ્યાપક વક્તાઓના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૭/૦૨/૨૧ ના રોજ ૧૨ કલાકે સર પી.ટી. સાર્વજનિક કૉલેજ ઓફ સાયન્સ, સુરતના આચાર્યશ્રી ડૉ. પૃથુલ દેસાઈ **"Black Holes: An Enduring Enigma"** વિષય પર પોતાનું વ્યાખ્યાન આપશે. જયારે ૧ કલાકે ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા **(PRL)**, અમદાવાદના વૈજ્ઞાનિક ડો. વિશાલ જોશી **"Anant Brahmand ni safare..."** વિષય પરના વ્યાખ્યાન દ્વારા બ્રહ્માંડની સફર કરાવશે. તા.૨૮/૦૨/૨૧ ના રોજ ૧૨ કલાકે ગુજરાત યુનિવર્સટીના સ્કૂલ ઑફ સાયન્સના ભૌતિકશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. દિપક ગદાણી **"Effective and Interactive Learning using Mobile Apps."** વિષય પરના વ્યાખ્યાન દ્વારા વિવિધ મોબાઈલ એપનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ વિવિધ વિષયોનું અધ્યયન કેવી રીતે કરી શકે તેનું માર્ગદર્શન આપશે. જયારે ૧ કલાકે અત્રેની કોલેજના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડો. ચેતન ચૌહાણ **"Inspiring Life of Great Indian Physicist & Nobel Laureate Sir C. V. Raman"** વિષય પર વ્યાખ્યાન આપશે. સમગ્ર આયોજન કોલેજના આચાર્યશ્રી ડો. એમ. જી .ભટ્ટ સાહેબના માર્ગદર્શનમાં ભૌતિકશાસ્ત્ર વિભાગના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ બે દિવસીય ઓનલાઈન સેમિનાર જેમાં સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ભાગ લેશે.

## જન્મદિને વધામણી



મોનિકા વિપુલ વ્યાસ

# ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં 'માતૃભાષાનું મહિમાગાન' વિષય પર વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા.૨૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત ગુજરાતી વિભાગ સી.ડબલ્યુ.ડી.સી. અને આઈ.કયુ.એ.સી. કમિટીના સંયુકત ઉપક્રમે 'માતૃભાષાનું મહિમાગાન' વિષય પર ઓનલાઈન-ઓફલાઈન વેબિનાર યોજાયો હતો. આ પ્રસંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ કર્યું હતું. વેબિનારમાં કલ્પેશભાઈ ભટ્ટે (નાયબ સચિવ શિક્ષણ વિભાગ-જાણીતા વાર્તાકાર અને કવિ) 'માતૃભાષા અને આપણે' વિષય પર વાત કરી હતી. બીજા વકતા શ્રી કનૈયાલાલ ભટ્ટે (જાણીતા લેખક- કટાર લેખક) 'માતૃભાષાનું મહત્વ' વિષયે વાત કરી હતી. ઓન-ઓફલાઈન ૨૭થી વધુ વિદ્યાર્થીનીઓએ આ વેબિનારમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. લીના સ્વાદિયાએ કર્યું હતું. કાર્યક્રમનું સંકલન-આયોજન પ્રા. ભરતસિંહ રાવે કર્યું હતું. કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીનીઓએ પ્રશ્નોત્તરીથી પોતાની જ્ઞાનપિપાસાને સંતોષી હતી. આ વેબિનારમાં અધ્યાપકશ્રીઓ અને પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનો સમગ્ર પરિવાર જોડાયો હતો.

# નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી અને વૈકુંઠ મહેતા રાષ્ટ્રીય સહકારી સંચાલન સંસ્થા વચ્ચે વર્ચ્યૂઅલ સમજૂતી કરાર

ગાંધીનગર, તા.૨૬

નેશનલ ફોરેન્સિક સાઈન્સ યુનિવર્સિટી-**NFSU**, ગાંધીનગર અને વૈકુંઠ મહેતા રાષ્ટ્રીય સહકારી સંચાલન સંસ્થા-**VAMNICOM** (કૃષિ અને ખેડૂત મંત્રાલય, ભારત સરકાર), પૂણે વચ્ચે તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ વિશેષ કરીને સાયબર સિક્યુરિટી સંદર્ભની તાલીમ-સંશોધન સહિતના શૈક્ષણિક આદાન-પ્રદાનનું સંયુક્ત રીતે આયોજન કરવા માટેના સમજૂતી કરાર**(MoU)** વર્ચ્યૂઅલરૂપે થયા હતા. આ વર્ચ્યૂઅલ સમજૂતી કરાર પ્રસંગે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર **(NFSU)**ના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસ અને વૈકુંઠ મહેતા



રાષ્ટ્રીય સહકારી સંચાલન સંસ્થા, પૂણે **(VAMNICOM)**ના ડાયરેકટર ડૉ. કે. કે. ત્રિપાઠી ઉપસ્થિત રહ્યા હતા.

આ અંગે નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગરના કુલપતિ ડૉ. જે. એમ. વ્યાસે જણાવ્યું હતું કે આ સમજૂતી કરાર બન્ને કેન્દ્ર સરકારની સંસ્થાઓ વચ્ચે અદ્વિતીય તાલીમ કાર્યક્રમ, અધ્યાપક-અભ્યાસક્રમ આદાન-પ્રદાન, પ્રકાશનની સાથોસાથ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉચ્ચ કક્ષાનું કૌશલ્ય વિકસિત કરવામાં સહાયક બનશે. અત્યારે દેશમાં દોઢ લાખ કરતાં વધુ કો-ઓપરેટિવ સોસાયટી છે અને **VAMNICOM** એ ભારત સરકારનું પૂણે સ્થિત એકમાત્ર તાલીમ કેન્દ્ર છે. જ્યાં દેશ-વિદેશ સ્થિત બેંક, સુગર ફેકટરી, માર્કેટિંગ સોસાયટી અને સહકારી સંસ્થાઓના કર્મચારી-અધિકારીઓનું પ્રશિક્ષણ થાય છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઝાલા આનંદબા ઘનશ્યામસિંહ** ઉ.વ. ૬૫, સેકટર-૨૫
- **સ્વ. ભરવાડ સોડાભાઈ ભલાભાઈ** ઉ.વ. ૮૫, શિહોલી મોટી
- **સ્વ. રાણા પુંજાજી ઘનાજી** ઉ.વ. ૮૦, નવા ધરમપુર
- **સ્વ. સેનમા ભાવેશભાઈ શંભુભાઈ** ઉ.વ. ૩૭, પેથાપુર
- **સ્વ. પંડિત હરિશભાઈ વિષ્ણુદેવ** ઉ.વ. ૭૫, સેકટર-૨૭

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- **સ્વ. પટેલ તાનહીલાબેન રમણલાલ** ઉ.વ. ૫૯, સરગાસણ
- **સ્વ. પટેલ શૈલેષભાઈ ઈશ્વરભાઈ** ઉ.વ. ૫૫, ઉવારસદ
- **સ્વ. વાઘેલા ઉદીબેન રામાજી** ઉ.વ. ૮૧, સરગાસણ
- **સ્વ. પંચાલ મીઠાલાલ મગનલાલ** ઉ.વ. ૭૮, સેકટર-૪